" સાફલ્યગાથા "

તા.૨૫/૧૧/૨૦૧૯ થી તા.૨/૧૨/૨૦૧૯

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- ❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.
- ❖ **માંડવી પો.સ્ટે. ગુમ રજી.નંબર ૦૬/૨૦૧૯ તા.૦૧/૧૧/૨૦૧૯ના કામે ગુમ થનાર – ભાવિકાબેન ચન્દ્રેશકુમાર મહેન્દ્રભાઇ પટેલ ઉ.વ.૨૪ રહે. કુતિયાણા ગામ ઇબુનગર ફળીયુ તા.ઓલપાડ જિ.સુરતનાઓ તા.૧૩/૧૧/૨૦૧૯ ના રોજ પરત મળી આવેલ છે.**
- ❖ **માંડવી પો.સ્ટે. ગુમ રજી.નંબર ૦૬/૨૦૧૯ તા.૦૧/૧૧/૨૦૧૯ના કામે ગુમ થનાર – વાણી D/O. ચન્દ્રેશકુમાર મહેન્દ્રભાઇ પટેલ ઉ.વ.૦૪ રહે. કુતિયાણા ગામ ઇબુનગર ફળીયુ તા.ઓલપાડ જિ.સુરતનાઓ તા.૧૩/૧૧/૨૦૧૯ ના રોજ પરત મળી આવેલ છે.**

## ❖ જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ **માંગરોળ FIR નંબર- I- ૬૦ /૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯,૧૧૪ મુજબ(૧) કમલેશભાઇ મલસિંગભાઇ ડામોર રહે.મુળ. રાજપુર તા. જી.દાહોદ હાલ રહે. કે.ડી.કવોરી ખાતે તા. ઉમરપાડા જી. સુરત (૨) પીદાભાઇ રામસીંગ ભાભોર રહે.ખરોડ તા. દાહોદ જી. દાહોદ હાલ રહે. કે.ડી.કવોરી ખાતે તા. ઉમરપાડા જી. સુરત (૩)જહુર કાલુભાઇ મુલતાની (૪) મુનીરઅલી મહમંદ મુલતાની તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર (૫) આદીલ યુસુફ મુલતાની રહે. ત્રણે ઝંખવાવ મુલતાની ફલીયુ તા. માંગરોલ જી. સુરત તા-૨૭/૧૧/૨૦૧૯ ના કલાક- ૦૭/૦૦ પહેલા હરકોઇ વખતે અટક કરેલ છે.**
- ❖ **. પલસાણા પો.સ્ટે I ૧૪૧/૨૦૧૯ IPC કલમ ૩૨૩,૩૨૪,૫૦૪ મુજબ ના ગુનાના કામે ગણેશસીંગ યુવરાજસીંગ રાજપુત રહે,રૂમ નં ૧૧૭ ગોવિંદજી પાર્ક બગુમરા નહેરની પાસે પલસાણા જી.સુરત મૂળ ગામટેમલા તા-પાનસેમલ જી,ભરતાની (M.P)નાઓને તા-૨૭/૧૧/૨૦૧૯ ક ૧૦/૦૦ વાગે અટક કરેલ છે**
- ❖ **પલસાણા ગુ.ર.ન I -૧૧૯ /૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૭૬(૨) (J) (N),૩૧૫,૧૧૪,૨૦૧,૪૬૫,૪૭૧,૧૨૦બી તથા પોકસો એક્ટ કલમ્ ૩ (A),૪,૫(L),૬,૧૭ તથા અનુસુચીત જાતી અને અનુસુચીત જનજાતી (અત્યાચાર નિવારણ ) સુધારણા અધિનિયમ ૨૦૧૫ ની કલમ -૩(૨) (૫) મુજબ ના ગુનાના કામે મહેશભાઇ ફકીરભાઇ પટેલ ભુતપોર પટેલ ફળિયુ તા- પલસાણા જી- સુરત નાઓને તા-૨૮/૧૧/૨૦૧૯ ક ૧૮/૩૦ વાગે અટક કરી નામદાર હાયકોર્ટના પીટીશન નંબર ૨૧૧૭/૨૦૧૯ ના તા- ૨૧/૧૧/૨૦૧૯ ના હુકમ ના આધારે જામીન મુકત કરેલ છે.**

❖ ઓલપાડ I ૧૧૭/૨૦૧૯ IPC કલમ ૨૪૯,૩૩૭, ૩૩૮ તથા MV ACT ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ ના ગુનાના કામે કાંતીભાઇ મરઘુભાઇ પટેલ રહે. આડમોર તા. ઓલપાડ જી. સુરત તારીખ ૨૮/૧૧/૨૦૧૯ ના કલાક ૧૦/૩૦ વાગે અટક કરેલ છે.

પ્રેસ નોટ

કામરેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા ઇસમ જે આત્મહત્યા કરવા જતો હોય જેને શોધી તેના પરિવારને પરત સોંપતી કામરેજ પોલીસ,

પોલીસ મહાનિરીક્ષકશ્રી રાજકુમાર પાંડયન, સાહેબ સુરત વિભાગ,સુરત નાઓની રાહબરી હેઠળ પોલીસ અધિક્ષકશ્રી એ.એમ.મુનીયા, સાહેબ સુરત ગ્રામ્ય નાઓએ સુરત ગ્રામ્ય જીલ્લામાં શરીર સબંધી તથા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવામાં સુચના આપવામાં આવેલ જે અન્વયે I/C નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.એન સોલંકી સાહેબ સુરત વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ શ્રી જે.બી.વનાર પોલીસ ઇન્સ્પેકટર કામરેજ પોલીસ સ્ટેશન નાઓએ પોતાની ટીમ વર્ક કરી આત્મહત્યા કરવા જતા ઇસમને શોધી તેના પરિવારને પર સોંપેલ છે.

આજરોજ જાહેરાત આપનાર અંકિતભાઇ જેન્તીલાલ પરમાર રહે. નનસાડ ગામ ગોકુળધામ સોસાયટી ઘર નં.- ૬૦ તા.કામરેજ જી.સુરત નાઓએ અત્રેના પોસ્ટે. ખાતે આવી જાહેરાત આપેલ કે મારા નાના ભાઇ હાર્દિકભાઇ નાએ મને વોટસએપ વિડીયો સેન્ડ કરેલ જે વિડીયોમાં તે બોલતો હતો કે આ વિડીયો મારી આત્મહત્યા પહેલાનો છે હું મારી જીંદગીથી સાવ કંટાળી ગયો છું મને જીવવામાં જરા પણ રસ નથી રહીયો હું સાવ થાકી ગયો છુ મને માફ કરી દેજો ભાઇ તથા બહેન હું તમારા માટે લાયક નથી હું આત્મ હત્યા મારી મેળે કરૂં છું. પ્રશાસન આમાં કોઇ ઇન્કવાયરી ના બેસાડે મારી આત્મહત્યા પાછળનું કારણ હું જ છું વિગેરે મતલબની હકીકત જણાવતા જે જાહેરાતના આધારે કામરેજ પોસ્ટે. જાણવા જોગ નં.- ૧૧૭/૨૦૧૯ થી નોંધી જે.બી.વનાર પોલીસ ઇન્સ્પેકટર નાઓએ પોતાની ટીમ ASI મહેન્દ્રભાઇ કાંતિભાઇ અ.હે.કો કુલદીપભાઇ ગંભીરદાન પો.કો. દશરથભાઇ બાપભાઇ પો.કો. દિપકભાઇ હરગોવિંદભાઇ પો.કો. પૃથ્વીરાજસિંહ ગગજીભાઇ પો.કો. ગૌતમભાઇ રામજીભાઇ નાઓ સાથે આત્મહત્યા કરનાર હાર્દિકભાઇ ની તપાસ હાથ ધરી હાર્દિકભાઇ ના મોબાઇલ નંબરના લોકેશનો મેળવી પો.કો. પૃથ્વીરાજસિંહ ગગજીભાઇ નાઓએ આત્મહત્યા કરવા જનાર હાર્દિકભાઇ જેન્તીલાલ પરમાર ને સુરત રેલ્વે સ્ટેશન શોધી કાઢી પોલીસ સ્ટેશન ખાતે લઇ

આવેલ અને આ હાર્દિકભાઇ જૈન્તીલાલ પરમાર નાને સ્વસ્થ હાલતમાં તેના પરિવાર ને સોંપવામાં આવેલ. સદર કામગીરી બે થી ત્રણ કલાકમાં પુર્ણ કરવામાં આવેલ.

સદર કામગીરી શ્રી ASI મહેન્દ્રભાઇ કાંતિભાઇ અ.હે.કો કુલદીપભાઇ ગંભીરદાન પો.કો. દશરથભાઇ બાપભાઇ પો.કો. દિપકભાઇ હરગોવિંદભાઇ પો.કો. પૃથ્વીરાજસિંહ ગગજીભાઇ પો.કો. ગીતમભાઇ રામજીભાઇ નાઓએ ટીમ વર્કથી કામગીરી કરતા સફળતા મળેલ છે.

(જે.બી.વનાર)
પોલીસ ઇન્સ્પેકટર
કામરેજ પોલીસ સ્ટેશન



# એસ.ઓ.જી શાખા સુરત ગ્રામ્ય સુરત

**પ્રેસનોટ**

**તા.૨૦/૧૧/૨૦૧૯**

## વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીને ઝડપી પાડતી જીલ્લા એસ.ઓ.જી.તથા પેરોલ /ફર્લો સ્કોડ

મે.પોલીસ મહાનિરીક્ષકશ્રી એસ.પી.રાજકુમાર સાહેબ સુરત વિભાગ સુરત નાઓની રાહબરી હેઠળ મે.પોલીસ અધિક્ષક શ્રી એ.એમ.મુનિયા સાહેબશ્રી સુરત ગ્રામ્ય, સુરત નાઓએ સુરત ગ્રામ્ય, જીલ્લામાં બનેલ મિલ્કત સબંધી તેમજ શરીર સબંધી વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ જે અન્વયે એસ.ઓ.જી. શાખાના પોલીસ ઇન્સ્પેકટર આનંદ બ્રહ્મભટ્ટ સાહેબના માર્ગદર્શન આધારે આજરોજ એસ.ઓ.જી.શાખાના તથા પેરોલ/ફર્લો સ્કોડના સ્ટાફના માણસો કડોદરા તથા પલસાણા પો.સ્ટે. વિસ્તારમાં ક્રાઇમવોચ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એસ.ઓ.જી.શાખાના (પેરોલ/ફર્લો સ્કોડના ) પો.કો. દિપકભાઇ આનંદરાવ નાઓને ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે,"સુરત શહેરમાં ગેર કાયદેસર દારૂના ગુનામાં પકડાયેલ અને લાજપોર જેલમા બંધ અને વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ આરોપી કૈલાશ ઉર્ફે કૈલાશ મારવાડી આજરોજ પલસાણા ચાર રસ્તા નજીક આવનાર છે. અને તેણે શરીરે કેસરી કલરની ટી શર્ટ તથા બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ તેવી બાતમી હકીકત આધારે વોચમાં હતા દરમ્યાન ઉપરોક્ત ઇસમ મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપીઓના નામ**

(૧) કૈલાશ ઉર્ફે કૈલાશ મારવાડી હિરાલાલ શર્મા ઉ.વ.૩૬ રહે-હાલ- સી.૨૦૧,વાઇટ શોલીસ્ટર છાપરાભાટા રોડ વરીયાવ સુરત. મુળ રહે- પિતાકા ખેડા તા.રાયપુર થાના- રાયપુર જી.ભિલવાડા રાજસ્થાન

પકડાયેલ આરોપી કૈલાશ ઉર્ફે કૈલાશ મારવાડી હિરાલાલ શર્મા નાનો અગાઉ સુરત જીલ્લા,તથા નવસારી જીલ્લા,તથા વલસાડ જીલ્લામાં ગેર કાયદેસર દારૂના ગુનાઓમાં પકડાયેલ છે. અને ગત એપ્રિલ મહિનામાં તે સુરત શહેર ખાતે સરથાણા વિસ્તારમાં દારૂના જથ્થા પકડાયેલ હતો. અને લાજપોર જેલ ખાતે રાખવામાં આવેલ હતો. અને સદર આરોપીના જુલાઇ મહિનામાં સાળાના લગ્ન હોય નામદાર કોર્ટમાથી વચગાળાના જામીન મેળવી ત્યાર બાદ જેલમાં હાજર થયેલ નહિ. અને નાસ્તો ફરતો હતો. જેને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી મધ્યસ્થ જેલ લાજપોર ખાતે સોંપવામાં આવેલ છે.

સદર કામગીરી પોલીસ ઇન્સ્પેકટર આનંદ બ્રહ્મભટ્ટ તથા હે.કો.શૈલેષભાઇ માનસિંગભાઇ,પો.કો.જગદિશભાઇ આબાજીભાઇ,પો.કો.દિપકભાઇ આનંદરાવ,પો.કો.દિપકભાઇ વસરામભાઇ નાઓએ કરેલ છે.



# બારડોલી પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના પાંચ ગુન્હાના કામનો નાસતા ફરતા આરોપી ને ઝડપી પાડતી બારડોલી પોલીસ

મે.પોલીસ મહાનિરીક્ષક સાશ્રી તથા મે.પોલીસ અધિક્ષક સાશ્રી નાઓની પ્રોહી બદીઓ નાબુદ કરવા તેમજ લીસ્ટેડ બુટલેગરો ઉપર વોચ રાખવા સુચનાઓ મળતા તથા નાયબ પોલીસ અધિક્ષક સાશ્રીની માર્ગદર્શન હેઠળ આજરોજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એમ.એમ.ગીલાતર સાહેબ તથા હે.કો. ધનસુખભાઇ કરસનભાઇ તથા પો.કો ભરતસિંહ જોરૂભા તથા પો.કો. કનકસિંહ પ્રવિણસિહ તથા પો.કો. વિજયભાઇ મુળજીભાઇ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો.ધનસુખભાઈ કરસનભાઈ નાઓને તેમના અંગત ખાનગી બાતમીદાર દ્વારા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે બારડોલી પોલીસ સ્ટેશન ווו ૪૫૦/૨૦૧૯ ગુજરાત પ્રોહીબીશન સુધારા અધિનીયમ ૨૦૧૬ની કલમ ૬૫ઈ,૮૧,૮૩,૯૮(૨) મુજબના ગુન્હાના કામનો છેલ્લા છ એક માસથી નાસતા ફરતા આરોપી નામે ધીરજ ઉર્ફે લાલુ શાંતુભાઈ રાઠોડ ઉ.વ.૨૩ રહે. બારડોલી કાન ફળીયા તા.બારડોલી જી.સુરત નાનો હાલમા બારડોલી ખાતે આવેલ આશાપુરી માતા ના મંદિરપાસે ઉભેલો છે. તેવી બાતમી મળતા સદર બાતમીવાળી જગ્યાએ જતા સદર ઈસમ હાજર મળી આવતા સદર ઈસમને કોર્ડન કરી પકડી લીધેલ અને બારડોલી પોલીસ સ્ટેશનનાં ગુનાના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

સદર ઇસમ બારડોલી પોલીસ સ્ટેશન ווו ૪૫૦/૨૦૧૯, ווו ૫૪૦/૨૦૧૯, ווו ૫૫૪/૨૦૧૯, ווו ૬૬૮/૨૦૧૯, ווו ૮૩૧/૨૦૧૯ આમ સદર ઇસમ બારડોલી પોલીસ સ્ટેશન અલગ અલગ પાંચ ગુના માં વૉન્ટેડ હતો

સદર કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ.ગીલાતર સાહેબ તથા અ.હે.કો ધનસુખભાઈ કરસનભાઈ તથા અ.પો.કો ભરતસિંહ જોરૂભા તથા પો.કો. કનકસિંહ પ્રવિણસિહ તથા પો.કો. વિજયભાઇ મુળજીભાઇ, નોકરી બારડોલી પોલીસ સ્ટેશન સુરત ગ્રામ્ય સુરત નાઓએ કરેલ છે.



**કડોદરા જી.આઇ.ડી.સી. પોલીસ સ્ટેશન,**

**જી.સુરત ગ્રામ્ય**

**પોલીસ સ્ટેશન સંપર્ક નં-૦૨૬૨૨ ૨૮૨૦૩૫**

# પ્રેસનોટ

**૦ કડોદરા GIDC પો.સ્ટેના અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના વોન્ટેડ આરોપીને ગણતરીના દિવસોમાં ઝડપી પાડી જેલ હવાલે કરતી કડોદરા GIDC પોલીસ ૦**

પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરતનાઓ તરફથી મિલકત શરીર સંબંધી વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા માટે સુચના/માર્ગદર્શન આપેલ જેના અનુસંધાને વિભાગીય પોલીસ અધિક્ષક શ્રી આર.એન.સોલંકી બારડોલી વિભાગ નાઓએ આપેલ દિશા નિર્દેશ મુજબ પોલીસ ઇન્સ્પેક્ટર પી.એ.વળવી કડોદરા GIDC પો.સ્ટેનાઓએ પોલીસ સ્ટાફ સાથે મળી વર્ક આઉટ શરૂ કરેલ.

ગત તા.૧૫/૦૮/૨૦૧૮ ના રોજ આ કામના ફરીયાદીની સગીર દીકરીને કોઈ અજાણ્યા ઇસમે લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી પોતાનો બદઇરાદો પુરો પાડવા ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ. જેથી ફરીયાદીએ તેની દીકરીની સુરત શહેર તથા આજુબાજુના વિસ્તારમાં તપાસ કરતા તેણી મળી આવેલ ન હોય. જેથી કડોદરા GIDC પો.સ્ટે ગુ.ર.નં.૧૨૮/૨૦૧૮, ઇ.પી.કો. કલમ- ૩૬૩,૩૬૬,૩૭૬,(૨)(જે),(n),તથા ૫ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્ચુઅલ ઓફેન્સીસ એક્ટ અને ૨૦૧૨ની કલમ ૪,૬ મુજબનો ગુનો તા-૧૮/૦૮/૨૦૧૮ના રોજ નોંધાયેલ હતો.

કડોદરા GIDC પોલીસ સ્ટેશનના **અ.હે.કો ગિરિરાજસિંહ અશોકસિંહ તથા પો.કો મહેશભાઇ ઇશ્વરભાઇ** નાઓને તેઓના ખાનગી બાતમીદારથી સંયુક્ત બાતમી હકિકત મળેલ કે સદર ગુનાના કામનો વોન્ટેડ આરોપી સોનુ જેના પુરાનામ સરનામાની ખબર નથી. જે આરોપીની બાતમી હકિકતથી આજદીન સુધી તપાસમાં રહેતા આજરોજ નિયોલ ગામ તરફ આવેલ છે. જેથી સદર બાતમી હકિકતથી પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.એ.વળવી તથા સાથેના પોલીસ માણસોને વાકેફ કરી નિયોલ ગામમા ખાનગી કપડામાં વોચ તપાસમાં ગોઠવાઈ ગયેલા. તે દરમ્યાન બાતમી હકિકત વર્ણન વાળો ઇસમ નિયોલ ગામ રસ્તા પાસેથી પસાર થતા તેને સાથેના પોલીસ માણસોથી કોર્ડન કરી તેને તેનુ નામ ઠામ પૂછતા તેણે પોતાનુ નામ સગીર ઉર્ફે સોનુ નિસાર પિંજારી રહે-રામનગર શાહપુરા, ફારૂકભાઈની બિલ્ડીંગમાં ભાડેથી,સંગમ બેકરીની બાજુમાં મારૂતી નગરની બાજુમાં લીબાયત,સુરત શહેર મુળ રહે-મંગલબજાર,નંદુરબાર (મહારાષ્ટ્ર)નાનો હોવાનુ જણાવેલ તેમજ સદર ગુના બાબતે તેની પૂછપરછ કરતા તેણે સદર ગુનાનો એકરાર કરેલ છે.

## ધરપકડ કરેલ આરોપી

**આરોપી**- સગીર ઉર્ફે સોનુ નિસાર પિંજારી ઉ.વ-૨૨ ધંધો-મજુરી હાલ રહે-રામનગર શાહપુરા, ફારૂકભાઈની બિલ્ડીંગમાં ભાડેથી,સંગમ બેકરીની બાજુમાં મારૂતી નગરની બાજુમાં લીબાયત,સુરત શહેર મુળ રહે-મંગલબજાર,નંદુરબાર (મહારાષ્ટ્ર)



GUJARAT POLICE

સુરત ગ્રામ્ય

પ્રેસ નોટ

માંગરોલ પોલીસ સ્ટેશનના આઠેક મહિનાથી મોટર સાયકલ ચોરીના ગુનામાં નાશતા ફરતા આરોપીને પકડી પાડતી કામરેજ પોલીસ.

પોલીસ મહાનિરીક્ષકશ્રી રાજકુમાર પાંડીયન સાહેબ, સુરત વિભાગ,સુરત નાઓની રાહબરી હેઠળ પોલીસ અધિક્ષકશ્રી એ.એમ.મુનીયા સાહેબ સુરત ગ્રામ્ય નાઓએ સુરત ગ્રામ્ય જીલ્લામાં ઘરફોડ ચોરી મિલ્કત સબંધી વણ શોધાયેલ ગંભિર ગુના શોધી કાઢવા તથા નાસ્તા ફરતા આરોપીને પકડવા બાબતે સુચના આપવામાં આવેલ જે અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રી સી.એમ.જાડેજા સાહેબ સુરત વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ શ્રી જે.બી.વનાર પોલીસ ઇન્સ્પેક્ટર નાઓએ પોતાની ટીમ વર્ક કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડેલ છે.

શ્રી સી.એમ.ગઢવી પોલીસ સબ ઇન્સ. નાઓ તથા અ.હે.કો. કુલદીપભાઇ ગંભીર,અ.હે.કો. મહેશભાઇ, ચાંડાભાઇ,પો.કો.દશરથભાઇ બાપાભાઇ,પો.કો. જયેશભાઇ જયંતિદાસ તથા પો.કો. દિપકભાઇ હરગોવિંદભાઇ નાઓ પોસ્ટે. ખાતે હતા દરમ્યાન પો.કો. દશરથભાઇ બાપાભાઇ તથા પો.કો. દિપકભાઇ હરગોવિંદભાઇ નાઓને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે માંગરોલ પોસ્ટે. I ગુ.ર.નં.- ૦૧/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનામાં નાશતો ફરતો આરોપી સલમાન હુસેન શેખ નાનો કામરેજ ચાર રસ્તા ખાતે ખોલવડ ગામ જવાના રીક્ષા સ્ટેન્ડ પાસેથી ઉભો છે જે બાતમીના આધારે તોહદાર- સલમાન વાહીદખાન ઉર્ફે હુસૈન પઠાણ ઉ.વ.૧૯ રહે. કઠોર ગામ ઇદગાહ ટેકરા તા.કામરેજ જી.સુરત નાને પકડી પાડવામાં આવેલ તેના વિરૂધ્ધ કામરેજ પોલીસ સ્ટેશન CRPC કલમ ૪૧(૧) આઇ મુજબની કાર્યવાહી કરેલ છે.



# November 2019 Mothly Call Detail.

| Call Grade | Category | Number of Calls | |
|---|---|---|---|
| 0 | Miss Calls | 602 | 897 |
| | Drop calls | 264 | |
| | Wrong Calls | 03 | |
| | Blank calls | 28 | |
| 1 | Information Calls | 700 | |
| 2 | Receive Calls | 636 | |
| 3 | Follow up Calls | 917 | |
| | **Total Calls** | **3150** | |

| Category | Number of Calls | Total |
|---|---|---|
| Male | 1052 | 3150 |
| Female | 789 | |
| NA | 1309 | |
| Students | 153 | |

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્વારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્વારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.